# <u>સુરતના મે.11 માં એડી.સીવીલ જજ તથા જ્યુ મેજી.ફ.ક,સુરત સાહેબની કોર્ટમાં</u>

ફોજદારી કેસ નં.          /૨૦
આંકઃ–

ફરીયાદીઃ          શ્રી સરકાર
વિરૂદ્ધ
આરોપીઃ

ગુન્હોઃ ઈ.પી.કોડ કલમ–૨૭૯ મુજબનો

**<u>–જજમેન્ટ–</u>**

આ કામના આરોપી/આરોપીઓ સામે ઈ.પી.કોડ કલમ–૨૭૯ ના ગુન્હાનું તહોમતનામું છે. આરોપી/આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપી/આરોપીઓની પ્લી લેતા આરોપી/આરોપીઓ તેમની સામેના આક્ષેપોનો સ્વૈચ્છિક રીતે સ્વીકાર કરતા હોય અને તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ આપ્યાબાદ તેમની સંમતિ હોય તેમની કબુલાત પુરસીસ રેકર્ડ પર લેવામાં આવેલ છે. હાલના કામે આરોપી/આરોપીઓ સામે આ પ્રથમ કેસ હોય, આરોપી/આરોપીઓ ગુનેગાર ઠરાવવામાં આવે છે. હાલના કામે આરોપી કોર્ટ સમક્ષ દયાની માંગણી કરતા હોય કેસના સંજોગોને ધ્યાને લઇ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી. એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ આવો સિધ્ધાંત ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપી/આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૫૨ અન્વયે એ ઈ.પી.કોડ કલમ–૨૭૯ ના ગુન્હામાં તક્સીરવાન ઠરાવીને આરોપી/આરોપીઓને રૂપિયા **૨૦૦/–** અંકે રૂપિયા બસો પુરાનો દંડ કરવામાં આવે છે.તથા આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામા આવે છે જો આરોપી/આરોપીઓ ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો **દિન ૫** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્ધામાલના કામે મુદ્ધામાલ વાહન અંગે કોર્ટ દ્ધારા વચગાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવામાં આવે છે અન્યથા માલીકી અંગે ખરાઈ કરી પરત કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨–૦૩–૨૦૨૨
સુરત.

**(કૃષ્ણ મનહોરસિંહ રાઠૌર)**
**૧૧માં એડી.સીવીલજજ અને**
**જ્યુડી. મેજી ફ.ક,સુરત.**
Unique Id - Gj 01638